# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **સર્વપ્રથમવાર નાગરિકોના અભિપ્રાય, પોલીસ અધિકારીઓના રીપોર્ટ કાર્ડ ને લઈને 115 પોલીસ અધિકારીઓની સરકારે સાગમટે બદલી કરી.**
2. **રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન વિભાગ ની ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનાર વેપારીઓ પર કાર્યવાહી કરી દોઢ ટન જેટલા અખાદ્ય પદાર્થનો નાશ કર્યો.**
3. **શહેરીજનોને 24 કલાક પાણી પુરૂ પાડનારુ ગાંધીનગર રાજ્યનુ પ્રથમ શહેર બન્યું**
4. **દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજે અને આવતીકાલે વરસાદનું રેડ એલર્ટ.**
5. **તરણેતરના મેળામાં પરંપરાગત રમતોનો ૨૦મો ગ્રામિણ ઓલિમ્પિક યોજાશે.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# IPS TRANSFER

**રાજ્યમાં સર્વપ્રથમવાર નાગરિકોના અભિપ્રાય, પોલીસ અધિકારીઓના રીપોર્ટ કાર્ડ, અભિપ્રાયને લઈને 115 પોલીસ અધિકારીઓની સાગમટે બદલી કરવામાં આવી છે.**

**પ્રસ્તુત છે એક અહેવાલ**

## (વોઈસ કાસ્ટ – નિકિતા શાહ)

**રાજ્ય સરકાર દ્વારા કરાયેલા આ ઓર્ડરની ખાસ બાબત એ રહી છે કે સીધી ભરતીના વર્ષ 2019-20ના I.P.S. અધિકારીને શહેરમાં ઝોનમા, વર્ષ-2018 કે તેથી ઉપરના અધિકારીને જિલ્લાઓ અને વર્ષ 2012 અને 2013ના અધિકારીઓને નજીકના સમયમાં બઢતી મળવાની છે તેમને C.I.D. ક્રાઈમના આર્થિક ગુના/ શહેરોના આર્થિક ગુનાની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.**

**દરેક શહેરોમાં ઝોન અને મુખ્યમથકની જગ્યામાં મહિલા અધિકારીની સપ્રમાણ નિમણુંક આપવામાં આવી છે.**

**પોલીસ ભવનની અગત્યની જગ્યા જેમ કે સ્ટાફ અધિકારી, ટેકનીકલ સેલ C.I.D. ક્રાઈમ, સાયબર ક્રાઈમ, કોસ્ટલ સિક્યુરીટી, તેમજ જેલ જેવી મહત્વની જગ્યાઓ ઉપર વર્ષ 2021ની બેચના સીધી ભરતીના અધિકારી તો બીજી બાજુ સ્ટેટ મોનીટરીંગ સેલ/ C.I.D. ક્રાઈમના આર્થિક ગુનાની જેવી મહત્વની જગ્યા ઉપર સિનિયર પોલીસ અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે.**

## આકાશવાણી સમાચાર, નિકિતા શાહ

---

# FOOD CHECKING

ધાર્મિક તહેવારો દરમિયાન રાજ્યના નાગરિકોને શુદ્ધ ખાદ્ય ચીજો મળી રહે તે માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સતત કાર્યરત બન્યું છે.

ભેળસેળ કરીને ખાદ્ય ચીજો વેચતા વેપારીઓ સામે લાલ આંખ કરી કડક કાર્યવાહી કરવામા આવી હતી. જેમાં રાજ્યના અલગ અલગ જિલ્લાઓ અને મહાનગરોના સરપ્રાઈઝ ચેકીંગમાં 2 હજારથી વધુ સેમ્પલો ચેક કરવામાં આવ્યા હતા અને શંકાસ્પદ 9 લાખ રૂપિયાનો 1.5 ટન ખાદ્ય ચીજો અને અન્ય મટીરીયલનો નાશ કરાયો હોવાનું ફૂડ એન્ડ ડ્રગ્સ કમિશનર એચ.જી. કોશિયાએ જણાવ્યું.

## બાઈટ - એચ .જી. કોશિયા,

---

# GANHDINGAR 24 HR WATER DISTRIBUTION

ગાંધીનગર મહાનગરપાલિકા રાજ્યનું પ્રથમ ૨૪ કલાક પાણી આપતું શહેર બની ગયુ છે. આજથી સેક્ટર 14 થી 24માં 24 કલાક પાણી આપવાની શરૂઆત થઈ છે. જ્યારે બાકી રહેતા સેક્ટરમાં ટૂંક સમયમાં 24 કલાક પાણી અપાશે.

ગાંધીનગરના મેયર મીરા પટેલે આ અંગેની જાહેરાત કરતાં કહ્યું કે મીટરના આધારે બિલ આપી પાણી વેરો વસૂલાશે.

## બાઈટ મીરાબેન પટેલ, મેયર

---

# STATE RAIN

રાજ્યમાં વરસાદનો વધુ એક આક્રમક રાઉન્ડ શરૂ થયો છે. કેટલાંક વિસ્તારોમાં મુશળધાર જ્યારે કેટલાંક વિસ્તારમાં ધોધમાર વરસાદના અહેવાલ છે.

ગઇકાલે સવારના છ વાગ્યાથી આજે સવારના ચાર વાગ્યા સુધીના 22 કલાક દરમિયાન રાજ્યના 80 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે.. જેમાં સૌથી વધુ વરસાદ ગીર સોમનાથના સૂત્રાપાડામાં લગભગ પોણા છ ઇંચ, ગીર ગઢડામાં પાંચ ઇંચ જ્યારે વલસાડના ઉમરગામમાં સાડા ચાર ઇંચ તેમજ બનાસકાંઠાના ડીસામાં ત્રણ ઇંચ વરસાદ વરસ્યો છે..

અમારા બનાસકાંઠાના પ્રતિનિધિ સવજી ચૌધરીના જણાવ્યાં અનુસાર બનાસકાંઠા જીલ્લાના વિવિધ તાલુકાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો જેમાં ડીસામાં સાંજે બે કલાકમાં જ ત્રણ ઇંચ વરસાદ વરસ્યો હતો.

---

# WEATHER

આજે અને આવતીકાલે રાજ્યના દક્ષિણ ગુજરાતના અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરીને રેડ એલર્ટ જાહેર કરાયું છે.

અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, દીવ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદને લઈને રેડ એલર્ટ જ્યારે દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, ભાવનગર, સુરત, તાપી અને ડાંગમાં ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જ્યારે બાકીના જિલ્લાઓમાં પણ હળવાથી મધ્યમ વરસાદને

લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું હોવાનુ હવામાન વિભાગના વડા ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

## બાઇટ- ડૉ.એ.કે.દાસ, હવામાન વિભાગના વડા

રાજ્યમાં કુલ 4 સિસ્ટમ અત્યારે સક્રિય છે. જેના કારણે રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અને એ સિવાય માછીમારોને આગામી 5 દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

---

## AHD DIGITAL SECUTRITY

અમદાવાદ શહેર પોલીસ અને સાયબર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા 'સાયબર સાથી - ડિજિટલ રક્ષક' લોન્ચ કરાશે. અમદાવાદના નાગરિકોને હવે આ 'સાયબર સાથી' નામનું ડિજિટલ રક્ષક સાયબર સુરક્ષા માટે શિક્ષિત કરી તેમને સચેત અને જાગૃત રહેવા પ્રેરિત કરશે.

'સાયબર સાથી' 24 બાય 7 ઉપલબ્ધ એક ડિજિટલ રક્ષક છે, જે નાગરિકોને વિવિધ પ્રકારના સાયબર ક્રાઈમ અંગે ત્વરિત માર્ગદર્શન આપશે અને હાલમાં ચાલી રહેલા સાયબર ક્રાઈમ વિશેની માહિતી તથા સાયબર ક્રાઈમ અવેરનેસ માટેની સેફ્ટી ટિપ્સ આપશે.

અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા શહેરના નાગરિકોને સાયબર સુરક્ષિત રાખવા એક અનોખો પ્રયાસ કરવામાં આવ્યો છે. જેના ઉપયોગથી નાગરિકો સાયબર ક્રાઈમ સામે ઝડપી અને અસરકારક ડિજિટલ સહાય મેળવવામાં મદદરૂપ નીવડશે.

---

# DANG – BHAVNAGAR ST DEPO - SHRESHTH SEVA

રાજ્યના છેવાડે આવેલા અને દુર્ગમ પહાડી પ્રદેશમા સલામત સવારી પુરી પાડનાર ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમના આહવા ડેપોને રાજ્ય સ્તરીય ‘શ્રેષ્ઠ સેવા’ સન્માન પ્રાપ્ત થયુ છે. રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા સ્વતંત્રતા દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી દરમિયાન , વલસાડ ડિવિઝન હસ્તકના આહવા ડેપોને યાત્રીઓની સલામતી , સ્વચ્છતા અને સુખાકારી સાથે દુર્ગમ પહાડી વિસ્તારમા વર્ષ દરમિયાન એક પણ અકસ્માત ન થવા બદલ આ સન્માન કરાયુ છે.

દરમ્યાન ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની મધ્યસ્થ કચેરી દ્વારા નિગમના **16** વિભાગો તેમજ **125** ડેપોના એપ્રિલ **2024**થી જુલાઇ **2024** સુધીના સમયગાળાની તુલનાએ ચાલુ વર્ષે સમાન સમયગાળા સુધીના સંચાલનના પરિણામોની તુલનાત્મક સમીક્ષામાં ભાવનગર વિભાગના ડેપો મોખારે રહ્યું છે.

મધ્યસ્થ કચેરીના વિશ્લેષણ મુજબ નિગમના ૧૬ વિભાગો પૈકી નિગમના ગત વર્ષના ઉપરોકત સમયગાળાની સરખામણીએ ચાલુ વર્ષમા આવકમા સૌથી વધુ સુધારો પ્રાપ્ત કરેલ કુલ પાંચ વિભાગોની પસંદગી કરાઈ હતી જે અંતર્ગત ભાવનગર વિભાગે અંદાજિત **11.23** ટકા વધુ આવક પ્રાપ્ત કરી સમગ્ર નિગમમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

---

# TARANETAR RURAL OLIMPICS

યુવાનોને રમત ગમત પ્રત્યે વધુ પ્રોત્સાહિત કરવા દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા તરણેતરના મેળામાં ગ્રામિણ ઓલમ્પિકનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા.26થી 28 ઓગસ્ટ દરમિયાન યોજાનાર 20 માં ગ્રામિણ ઓલમ્પિકમાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં 100 મીટર દોડ, 400 મીટર દોડ, 800 મીટર દોડ, ગોળાફેંક, લાંબી કુદ, 4 બાય 100 મીટર રીલે દોડ, નારીયેળ ફેંક, સ્ટ્રોન્ગેસ્ટમેન, સાતોડી, ખાંડના લાડુ ખાવાની હરીફાઇ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

---

# TRIBAL FAIR - SAPUTARA

ગિરિમથક સાપુતારા ખાતે ગુજરાત પ્રવાસન નિગમ આયોજિત 21 દિવસિય 'મોન્સૂન ફેસ્ટિવલ' ના સમાપન સાથે છેલ્લા એક સપ્તાહ માટે યોજાયેલા 'ટ્રાયબલ ફૂડ, આર્ટ, ક્રાફ્ટ તથા ટ્રાયબલ મેડિસિન મેળા'નુ પણ સમાપન થયું છે.

રાજયના આદિજાતિ વિકાસ વિભાગ અને આદિજાતિ શંશોધન સંસ્થાન , ગાંધીનગર દ્વારા આયોજિત આ મેળામાં રાજ્યના વિવિધ આદિજાતિ જિલ્લાઓમાંથી પોતાની પરંપરાગત વનઔષધિ, પ્રાકૃતિક ખેત પેદાશો, પરંપરાગત વાનગીઓ, ગ્રામીણ કલાકૃતિઓ સહિતની અલભ્ય ચીજવસ્તુઓનુ વેચાણ અને પ્રદર્શન યોજાયુ હતુ.

જેમા ભાગ લેનારા  30થી વધુ સ્ટોલ ધારકોને અંદાજીત દસ લાખ રૂપિયાથી વધુની આવક થઈ છે તેમ વિભાગના અધિકારીએ જણાવ્યુ હતું.

---